# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

આ કુદરતને રંગબિરંગી કવિતા લખવી ફાવે છે,
ધરતીના લીલા કાગળ પર ઝાડ કશું ટપકાવે છે!
વાદળ વચ્ચે મેઘધનુષનું ક્ષણભર માટે ચિત્ર હશે,
એ જીવનની ફિલસૂફી સુંદર રીતે સમજાવે છે.
આગ જરા ને ખૂબ ધુમાડો, કુદરતમાં પણ એમ બને,
નાની સાવ અમસ્તી વીજળી કેવી દાદ પડાવે છે!
મોસમ એવી છે કે પથ્થર પર પણ, કૂણું ઘાસ ઊગે,
એ જોઈ નિષ્ફળ પ્રેમીઓ ભાગ્ય ફરી અજમાવે છે.

- હેમેન શાહ

## પાથેય

# આસમાની કવિતાઓ

- રમેશ ઠક્કર

કુદરતનો કરિશ્મા આપણે સરખી રીતે જોતા નથી.એનો? જે અંદાજ છે.જે રંગો છે,એને પામવા માટે દ્રષ્ટિ જોઈએ. હામ પણ જોઈએ. કહેવાય છે ને કે હિંમતે મર્દા, તો મદદે ખુદા.સીધી લીટીમાં જીવન જીવતા આપણે સૌ આવી પળોજણમાં પડતા નથી.એટલે જ આસમાનમાં લખાતી અનેક કવિતાઓ આપણે ઉકેલી શકતા નથી ! વૃક્ષોની ડાળીઓ ઉપર ટપકતાં વિસ્માયોને પકડી શકતા નથી.કોઈ ખીલી રહેલા પુષ્પના? પમરાટને માણી શકતા નથી. ધરતીના બદલાતા રંગો,ખેતરો એની છટાઓ..અવનવા આયામોને આપણે નજર અંદાજ કરીએ છીએ ! આપણું વ્યક્તિત્વ એક રીતે જોઈએ તો સીમિત માર્ગે જ ચાલતું રહે છે.આપણને આ બધા વિષયો આકર્ષતા નથી.કુદરત પોતે રંગબેરંગી કવિતાઓ લખતી રહે છે.ધરતીના લીલા કાગળ ઉપર ઝાડ સતત કશુંક નવું ટપકાવતું રહે છે.આપણે એ લિપિને ઉકેલવાનો પ્રયત્ન સુધ્ધાં કરતા નથી.. આ ઉદાસીનતા આપણા જીવનમાર્ગ ઉપર એક અવરોધ બની જાય છે.

આકાશનો અચંબો અપરંપાર છે.ઠંડાગાર શિયાળે છવાઈ જતાં વાદળોની અનોખી એક રીત છે. ઉનાળામાં ઉઘાડ પામતા આકાશનો આગવો મિજાજ હોય છે.ચોમાસામાં જે મેઘધનુષ રચાય છે એનાં અનેક અર્થઘટનો કરી શકાય.એ વાદળ વચ્ચે દોરાયેલું એક અદભુત ચિત્ર છે.જેની રેખાઓને આપણે ઉકેલી શકતા નથી.એના ઉકેલની પરિભાષા શીખવી એટલે જ જીવનની ફિલસૂફીને સમજવી. કુદરત આપોઆપ આપણને બધું શીખવાડે છે. આપણી એ માટેની તલાવેલી હોતી નથી. ક્ષણભર ફેલાઈ જતું પ્રકૃતિનું? આ વૈભવચિત્ર જીવનનો આબેહૂબ ચિતાર રજૂ કરી જાય છે..!

કોલાહલ વચ્ચે એકાદ ટહુકો દબાઈ જાય છે.પરંતુ ધ્યાનથી સાંભળનારના કાન આપોઆપ એ તરફ ખેંચાઈ જતા હોય છે. જગતમાં કેટકેટલી ઘટનાઓ એક સાથે બનતી રહે છે ? આપણે એમાંથી કોઈ મહત્વનું પામી શકતા નથી.એને સમજી શકતા નથી.એકાદ તણખો એની આસપાસ ફેલાઈ જતા ધુમાડા વચ્ચે દબાઈ જાય છે.આમ છતાં એનું તેજ છૂપું રહેતું નથી.નાની અમસ્તી વીજળીની લકીર ઘટાટોપ વાદળો વચ્ચે અનોખો ચમકારો કરી જાય છે. જેના કારણે આશાઓનો એક સંચાર સમસ્ત ગગનને ગજબ ઉત્સાહ આપી જાય છે આવી ઘટનાઓ ભલે નાની હોય એનો વ્યાપ ખૂબ જ મોટો હોય છે.

કુદરતમાં ભરપૂર વૈવિધ્ય છલકાય છે. એમાં નર્યો આશાવાદ ટપકે છે.દરેક કાળીડીબાંગ વાદળીની પાછળ એક રૂપેરી કોર છુપાયેલી હોય છે.એટલે કે લાખો નિરાશાઓ વચ્ચે એક અમર આશા હંમેશા ધબકતી હોય છે. આવી જ કોઈ ઝંખના જો આપણામાં જાગી જાય એ જરૂરી છે.તો જ આપણે આગ અને ધુમાડા વચ્ચે રચાતી આ કુદરતી ફિલસુફીને સારી રીતે સમજી શકતા હોઈએ છીએ..

કેટલીક તરકીબો આપણી આસપાસ થતી રહે છે.કોઈ કઠોર પથ્થરની વચ્ચે ઉગી નીકળતી કૂંપળનો તરવરાટ જોવા જેવો હોય છે. બંજર ભૂમિ ઉપર ઊગી નીકળતું કોમળ મુલાયમ ઘાસ કઈ રીતે પોતાનું અસ્તિત્વ સાબિત કરી શકતું હશે ? એ એક કમાલ છે. એમ કહી શકાય કે આશાઓ હંમેશા અમર છે.એ ગમે તેવી અડચણો વચ્ચે પણ રસ્તો શોધી લે છે.કુદરતમાં રહેલી આ એક અખંડ શક્યતાને ઓળખી લેવાનું કામ આપણે કરવાનું છે.માણસ આશાવાદી બને તો ક્યારેકને ક્યારેક ભાગ્ય સાથ આપતું હોય છે.કોઈ નિષ્ફળ પ્રેમી જો આખા જગતને સાથે અબોલા લઈ લે તો ? જગતમાં ચોતરફ પ્રેમના બિંદુઓ છવાયેલા છે એનો અહેસાસ કરી શકતો નથી.કૂણું ઘાસ ઉગતું જોઈને પોતાની લાગણીઓ પણ એ જ રીતે ઉગી શકે એવી શ્રદ્ધા જેના મનમાં? ઉગી શકે એવા પ્રેમીઓ જ કશું પામી શકે. એવી એક શ્રદ્ધા સાથે જો એ આગળ વધતા રહે તો ચોક્કસ એને સફળતા મળતી હોય છે ! કવિ આ વિસ્મયને સારી રીતે સમજે છે. એટલે જ એ પોતાના શબ્દો થકી કુદરતની આ કમાલને આબેહૂબ રીતે રજૂ કરી શકે છે.. આકાશની કવિતાઓ નું આવું અવતરણ એના થકી જ આપણે પામી શકીએ.

# ‘રેવડી’ જો મળતી હોય તો કોને ન ગમે ?



પ્રસંગસર

ડંકેશ ઓઝા

ભારતીય રાજકારણમાં કેટલોય સમય જનસંઘ અને ભારતીય જનતા પક્ષને અસ્પૃશ્ય ગણવામાંઆવ્યા અને તેમને જે ઉપેક્ષાનો ભોગ બનવું પડ્યું તેનો બદલો આજે ભારતને મળી રહ્યો છે. કેટલાક અભ્યાસીઓ જયપ્રકાશ નારાયણને માથે આ દોષનો ટોપલો ચઢાવે છે. ઈન્દિરા ગાંધીએ પોતાના વ્યક્તિગત હિતો ખાતર દેશને માથે આંતરિક કટોકટી લાધી ત્યારે તેની સામે લોકશાહી બચાવવામાં જનસંગ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પણ હતો. પરિણામે જે.પી. અને મોરારજીએ આ વર્ગને સાથે લીધો અને જનતા પક્ષની સરકાર બની. ઈતિહાસનું અર્થઘટન અલગ અલગ રીતે જરૂર થઈ શકે. પરંતુ વિગતોને સચ્ચાઈ અને વફાદારીપૂર્વક વળગી રહેવું જોઈએ. ઉપરની હકીકતને હવે અડધો દાયકો વીતી ગયો છે. ભાજપે હિંદુત્વનું રસાયણ એવું તો તૈયાર કર્યુ છે એને નેષેધ જે નેતાગીરી સાંપડી છે. તેનો અંત ક્ષિતિજ ઉપર દેખાયો નથી. બૌદ્ધિકો અને બિનસરકારી સંગઠનો આજે ભલે દેશહિતની વાતો કરતાં હોય પણ એમની ઉપર એવો તો મારો ચલાવવામાં આવ્યો છે અને એવા સવાલિયા નિશાન તાકવામાં આવ્યા છે કે એણની વાત સમાજ કાને ન ધરે એવી અવદશામાં તેઓ મૂકાઈ ગયા છે! આ જેકંઈ થઈ રહ્યું છે તે સારું કહેવાય કે ખોટું એ તો માત્ર ને માત્ર ભવિષ્યનો ઈતિહાસ જ કહેશે. આજે વ્યાપક પરિસ્થિતિ એવી છે કે સમાજનો બહોળો વર્ગ પેલા રસાયણણાં મસ્ત છે અને બીજો સંવેદનશીલ વર્ગ એટલી તો ચિંતામાં છે કે એની ઉંઘ હરામ થઈ ગઈ છે ! ગુજરાતની વિધાનસભાની ચૂંટણીઓમાં કેજરીવાલની આમ આદમી પાર્ટીએ પૂરી તાકાતથી ઝૂકાવવાનું નક્કી કર્યુ અને લોકોને પોતાની તરફ ખેંચવા જે વચનો આપવા માંડ્યા તેને ભાજપ સ્ટાર પ્રચારક મોદી સાહેબે રેવડી નામે ઓળખવવા માંડ્યા. રેવડી કઈ હતી ? રેવડી હતી ઓછા ખર્ચે અથવા વિનામૂલ્યે શિક્ષણ અને આરોગ્યની સુવિધાની, વીજળી બિલમાં અમુક યુનિટ સુધીની માફીની અને જૂની પેન્શન યોજના સરકારી કર્મચારી માટે લાગુ કરવાની. નગરપાલિકાની સુરતની ચૂંટણીઓ પછી આમ આદમી પાર્ટી થોડીક લાઈટમાં આવી હતી. સત્યાવીસ બેઠકો ઉપરાંત તેને મળેલા કુલ મતોની સંખ્યા સત્તાધારી પક્ષને ચિંતા પેદા કરવાનારી હતી. વિધાનસભાની ચૂંટણીમાં પણ ભલે બેઠકો ઓછી મળે પણ તેમના ઉમેદવારોને મળતા મતની કુલ ટકાવારી ચોક્કસપણે વધવાની છે. જે તેને રાષ્ટ્રીય રાજકીય પક્ષ બનાવશે. નમાલી કોંગ્રેસના વિરોધપક્ષ કરતાં સક્ષમ હરીફહવે સામે આવીને ઊભો હોય ત્યારે ગરાસ લૂંટાઈ જવાનો ભય તો ઊભો થાય જ ! છૂપી પોલીસના અહેવાલો પણ આ રાજકીય ક્ષમતાનું સમર્થન કરનારા રહ્યા હતા. દેશમાં કોઈ પણ રાજકીય પક્ષની સરકાર આવે તેનું એક માત્ર કામ લોકકલ્યાણનું હોય એ ધ્યેય લોકશાહીએ નક્કી કરેલો છે. કલ્યાણ કેવી રીતે થશે એની રીત અને પદ્ધતિ પ્રત્યેક્ષ પક્ષ અને સરકારની અલગ હોઈ શકે. ‘બહુજન સુખાય એ કોઈ પણ લોકશાહીનો ધ્યેયમંત્ર છે.’ લોકકલ્યાણની યોજનાઓને રેવડી કહીને તેની મજાક ઉડાવવી એ પ્રજાનું અપમાન છે. વિજાણુ માધ્યમોમાં રાજકીય પક્ષો અને તેના પ્રતિનિધિઓ કેવો અમર્યાદ લાભો મેળવે છે તેના સંદેશા અવારનવાર ફરતા રહે છે. રાજકીય નેતાઓને અને સરકારમાં બેઠેલાઓને સલામતીની કેટકેટલી સુવિધાઓ કેટકેટલા ખર્ચે અપાય છે, કેટલા પગારો અને પેન્શન ચૂકવાય છે, રાહત દરે તેમને પ્રવાસ આરોગ્ય - ભોજનની સુવિધા અપાય છે. તેનાથી દેશની પ્રજા અવગત નથી એવું માનવાની ભૂલ કરવા જેવી નથી. પ્રતિનિધિઓને ગોળ અને પ્રજાને ખોળ એવી નીતિ ચલાવવાનું કોઈ લોકશાહી ચલાવવાનું પણ કોઈ લોકશાહી કહેતી નથી. વિકાસકીય યોજનાનો લાભ જરૂરતમંદ લાભાર્થીઓને પહોંચે એ રેવડી પણ નથી અને મફતિયા મેન્ટાલિટી પણ નથી. હમારા પૈસા, હમારા હિસાબની માફક અમારા પૈસા અમારો વિકાસ એ જ તો લોકશાહીનું સાચું રહસ્ય છે. રોટી - કપડા - મકાનથી આગળ વધીને હવે યોગ્ય અથવા બધાં પ્રજાજનોને શિક્ષણ - આરોગ્ય - રોજગારી કાયદેસર, શક્ય હોય તો વિનામૂલ્યે, પૂરાં પાડવામાં આવે તો ખોટું નથી. સવાલ યોગ્ય વ્યવસ્થા ગોઠવવાનો છે, એને નિભાવવાનો છે અને તેમાં કોઈ છીંડા - બાકોરાં હોય તો તેને પુરવાનો છે. સ્વચ્છ રાજતંત્ર અને સ્વચ્છ વહીવટીતંત્ર એ પ્રજાનો અધિકાર છે. તે માટે પ્રજાએ પરસેવો પાડી કર ભરવો એ એની ફરજ પણ છે. લોકોને રવાડે ચઢાવતી લોકશાહી એ કંઈ સાચી લોકશાહી નથી.

# કિનારે પહોંચે એટલે ઉછાળા મારે જ... પછી એ દરિયો હોય કે માણસ



લાગણીનો મેળો

રસિક વાળંદ

ભાઈ તમન હોંપ્યાં રાજ ન પાટ
અમાર તો ભલો અમારો રઝળપાટ
કો’ દહાડો ચઢ સ
ન ડોશી ખોટી થાય સ...
પાપમાં પડવાનું સ.
પણ બોલ્યું પાળવાનું સ
એટલે મત તો પાકો મનુભૈન.
વા’લા નાંમેરીનું ભગવાન ભલું કર સ
બોલો, આલવા સ માથાદીઠ બા?
બે સ :
હું ન ડોશી.

- નીરવ પટેલ

દોસ્તો, તળપદી બોલીમાં રજૂ થયેલી એક અછાંદસ ધારદાર કવિતાનો ઉત્તરાર્ધ અહીં મૂક્યો છે, એટલે સમજવી થોડી અઘરી પડશે પરંતુ થોડો અણસાર તો જરૂર આવી જશે કે ચૂંટણી અને મત વિશેની વાત છે... ખેર, હું જ ટૂંકમાં જણાવી દઉં કે ચૂંટણીનો માહોલ જામ્યો છે, ઉમેદવારો મત ઉઘરાવવા ગામમાં આવી ચડ્યા છે. આખો દિવસ તડકા-તાપમાં કચરો ભંગાર વીણી લાવે ત્યારે મગો મહેતર એક કોથળાના પાંચ રૂપિયા આપે અને ડોશો ડોશી બંને રોટલા ભેળાં થાય છે પણ ચૂંટણી ટાણે એક ઉમેદવારે મત દીઠ દસ રૂપિયાની લાંચ આપવાની જાહેરાત કરી છે એટલે ડોશો આ તક ઝડપીને બીજા ઉમેદવાર પાસે જઈને તમારે બાર રૂપિયા આપવા હોય તો કહો. મારો અને ડોશીનો - એમ અમારા બે મત છે. અને આ પાછળનું ડોસાનું ગણિત પણ સાવ સીધું છે. રોજ રોજના વૈતરામાંથી બે ઘડી છુટકારો તો મળે! ચૂંટણી છેવાડાના આદમીને બીજું તો કંઈ આપવાની નથી, કમ સે કમ બે પળ એને પોરો ખાવાની તક આપે એ ય આ લોકો માટે તો બહુ છે... નેતાને રાજપાટ આપી દઈને રઝળપાટ વહાલી કરનારી આ પ્રજા છે.

મિત્રો... લોકશાહીનું મહાપર્વ મતોત્સવ રંગે ચંગે સંપન્ન થયો. એક વિચારણીય બાબત એ છે કે કહેવાથી લોકશાહી ટોળાશાહીમાં રૂપાંતરિત થાય ત્યારે રાષ્ટ્રને સૌથી મોટો ગોબો પડે છે... સરમુખત્યારશાહીમાં તો પ્રજાને સરમુખત્યાર શાસકના આદેશોનું કેવલ પાલન કરવાનું - એક પ્રકારની પીડા અને ત્રાસ વેઠવાનો હોય છે. રાજાશાહીમાં રાજાના મનના તરંગો જ કાયદા - કાનૂન ને ફરમાન... રૈયત તો રાંકડી. ફરમાનનો વિરોધ કરનારને છોડીએ ચડાવી દેવો કે મીઠામાં બોળેલા કોરડા ખાવાના... આ વૈશ્વિક ઐતિહાસિક સત્યથી સૌ કોઈ વાકેફ છે જ... પરંતુ લોકશાહીમાં જાગ્રત અને નિર્ભીક આત્મવાન નાગરિકો જો સક્રિય થાય તો શાસકો બિન જવાબદાર બનતા અટકે ખરા!!!પ...ણ... હકીકત એ છે કે બહુજન સમાજ પ્રલોભનો, વચનો તેમ જ ’મફત’લક્ષી આકર્ષણોના રેવડી કલ્ચરથી અંજાઈ જાય છે.

મોહક ચૂંટણી ઢંઢેરા અને ભાષણોમાં લોકોની સ્વાર્થવૃત્તિ અને માનસિક કમજોરીને ધ્યાનમાં રાખીને શાબ્દિક આશ્વાસનો ને વચનો દ્વારા આકર્ષવાના પેંતરા રચાય છે. રાજકારણમાં યુવાનોનો ઉપયોગ ’કાચામાલ’ તરીકે થાય છે. એટલે જ એક કહેવત પડી છે કે ’મૂર્ખ નોંતરું આપે અને બુદ્ધિમાન માણસ જમી જાય છે.’ મહાભારતમાં વ્યાસજીએ મૂર્ખની વ્યાખ્યા આપતા લખ્યું છે કે, ’વગર વાંચે અભિમાન કરનાર, દરિદ્ર હોવા છતાં મોટા-મોટા ઈરાદા સેવનાર, કામ કર્યા વગર ધન પ્રાપ્તિની ઈચ્છા રાખનાર લોકોને જ્ઞાની માણસો મૂર્ખ ગણે છે.’

આવા મૂર્ખાઓ પ્રલોભનોમાં સહેલાઈથી ફસાય છે. સારું ખોટું સમજવા અને સ્વીકારવા માટે વિવેક દ્રષ્ટિ હોવી જોઈએ. સામાજિક ચતુરો માટે મૂર્ખાઓ સ્વાર્થ સિદ્ધિ અને ઉત્કર્ષ માટેના પગથિયાંથી વિશેષ કંઈ નથી...

એક વિચારણીય બાબત એ છે કે માણસ બીજાના પ્રભાવમાં ઝટ અંજાઈ જાય છે પરંતુ પોતાની દ્રષ્ટિને વિવેકથી ’’ નથી આવડતું. આજે જીવનમાં તમામ ક્ષેત્રોમાં મૂલ્યહાસ જોવા મળે છે. નૈતિક મૂલ્યો નેપથ્યમાં ધકેલાઈ ગયાં છે. નજર કરીએ તો સર્વત્ર વિવેક ભ્રષ્ટ માનવીઓ લોભ અને લાભ તરફ આંધળી દોટ મૂકી રહ્યા છે.

ખેર, લોકશાહીમાં તો આપણે ભાગ્યશાળી છે કે સંમત-અસમતનો નિર્ણય લેવાની સ્વતંત્રતા મળી છે. અયોગ્ય-અનુચિત નો વિરોધ કરી સામે પડવાની છૂટ મળી છે. જાગ્રત પ્રજાજન તો દેશમાં બનતી નાની - મોટી ઘટનાઓ, કાયદા-કાનૂનો, લોકોની રોજ-બ-રોજની સમસ્યાઓનો અભ્યાસ કરે, હકથી વંચિતોને સહાય કરે, શાસકોને લગામમાં રાખે... દેશ

અનુસંધાન પાના નં. ૭ પર

# ખાનગીમાં તો મિત્રો એને “મોહિત માવડિયો” જ કહેતા



સ-રસ

મમતા બુચ

“હાય, હેત્વી....” કોલેજના ઝાંપામાં પ્રવેશતાં જ મોહિતના કોઠે-કોઠે દીવા પ્રગટી ઉઠ્યા. આજ તો સવારમાં જ “મુખદર્શન” થઈ ગયાં! પણ હેત્વી એને જોયો-ન જોયો કરીને કોલેજમાં વળી ગઈ. પણ એથી કરીને આશિકના આશિક-મિજાજમાં ફરક પડે તો આશિક શાનો?

આગળ ચાલી જતી હેત્વીને એણે બૂમ પાડીને રોકી, “ઓ ય....સાંભળ તો ખરી!” હેત્વી પરાણે ઊભી રહી. સાવ નિરસ ભાવે એણે સુરાહી જેવી ગરદન ફેરવીને પૂછ્યું, “હં.....બોલ, શું હતું?” આશિક બોલી ઊઠ્યો, “કેમ? અમે તમને દેખાતા નથી? બોલાવું છું તો ય જવાબ આપતી નથી.”

હેત્વીના સ્વરમાં રૂક્ષતા હતી, “બોલ ને, કઈં કામ હતું?” મોહિત હજી પણ ઉત્સાહમાં હતો, “કેમ, કામ હોય તો જ બોલાવાય?” હેત્વીના સ્વરમાં મજાક છલકી, “તારી મમ્મીને પૂછી આવજે. કામ વગર પણ કોઈને બોલાવી શકાય કે નહીં!” એની મજાકનો પડઘો પાછળ ઊભેલા વિદ્યાર્થીવૃંદના અટ્ટહાસ્યમાં ગૂંજી ઉઠ્યો. મોહિત ઝંખવાણો પડી ગયો.

જો કે આ નહીં તો આને લગતી ઘટનાઓની એના માટે નવાઈ નહોતી. રોજ એના મિત્રવૃંદમાંથી કોઈક ને કોઈક તો એની આ બાબતે મજાક ઉડાવતું જ રહેતું.

મિત્રો પાછા સાવ ખોટા પણ નહોતા. મોહિત એની મમ્મીથી એટલો બધો “મોહિત” હતો કે એમને પૂછ્યા વગર એ પાણી પણ નહોતો પીતો. ખાનગીમાં તો મિત્રો એને “મોહિત માવડિયો” જ કહેતા! જો કે એ પણ “ઓપન સિક્રેટ” જ હતું! મોહિત પોતે પણ એનાથી માહિતગાર હતો! પણ એ સુધરવાનું નામ લેતો નહોતો!

હજી તો ગયા મહિનાની જ વાત છે. કોલેજની મિડ-સેમ પરીક્ષા પૂરી થયા પછી બધાં મિત્રો ક્યાંક ફરવા જવાનું પ્લાનિંગ કરી રહ્યાં હતાં. રાજને દમણ બાજુ ફરવા જવાની દરખાસ્ત મૂકી હતી જેને મિત્રમંડળ દ્વારા હર્ષભેર વધાવી લેવામાં આવી હતી. તોરલે કહ્યું હતું કે એના પપ્પા જે સ્કૂલમાં ટ્રસ્ટી છે એની બસ હમણાં સ્કૂલમાં મિનિ વેકેશન હોવાથી ઉપયોગમાં નથી લેવાતી તો એમાં જઈ શકાશે. બધાં ખુશ થઈ ઊઠ્યાં હતાં. જાત-જાતની યોજનાઓ અને ભાત-ભાતની ગણતરીઓ થઈ રહી હતી. દમણ હોટલનું બુકિંગ, દરિયાકિનારે ટહેલવાનું, ચટાકેદાર ખાવાનું- વિદ્યાર્થીવૃંદ સ્વપ્રસૃષ્ટિમાં સરી પડ્યું હતું. પણ બધાં પાછાં મૃત્યુલોકમાં ત્યારે પછડાઈ પડ્યાં જ્યારે “મોહિત માવડિયા”એ નિરાશાજનક સૂર કાઢ્યો, “મારે મમ્મીને પૂછવું પડશે.”

“બે યાર“, વિશાલ વરસી પડ્યો, “તારી ઉંમર કેટલી છે? બધું મમ્મીને પૂછી-પૂછીને કરવાનું?” મોહિત ધીમેથી બોલ્યો, “આટલા બધા દિવસ બહાર જવાનું, ગમે તેવું ખાવા-પીવાનું, પાછો દરિયાનો ભરોસો પણ ન થાય.....” તોરલ છેડાઈ પડી, “આપણે લોકો બરાબર બસની સીટ જેટલાં જ છીએ. મોહિત્યો નહીં આવે તો એક જણની ટિકિટનો ખર્ચો આપણે ભોગવવો પડશે.” હિમાક્ષીના સ્વરમાં નારાજગી હતી, “જવા દે, તોરલ. આ તો ત્યાં પણ એની મમ્મીને પૂછ્યા વગર કઈં એન્જોય નહીં કરે. રહેવા દે એને અહીં, આપણે લોકો એનો ખર્ચો ડિવાઈડ કરી લેશું.” મિત્રવૃંદ મોહિત વગર જ ફરી આવ્યું.

કોલેજ વેકેશન પછી ફરી ખૂલી અને વિવિધ પ્રવૃત્તિઓની ભરમાર શરૂ થઈ. મોહિતના ગ્રૂપમાંથી પણ ઘણા વિદ્યાર્થીઓએ ઘણી સ્પર્ધાઓમાં ભાગ લીધો. એમાં હેત્વીએ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો અને છટાદાર શૈલીમાં પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. કોલેજનો અધ્યાપકગણ અને નિર્ણાયકો સહિત બધા એનાથી ઈમ્પ્રેસ થઈ ગયા. મોહિત એ વખતે જ હેત્વીની મોહિનીમાં અંજાઈ ગયો. આમે ય એને હેત્વી પહેલેથી ગમતી તો હતી જ પણ હેત્વીની વાક્છટાએ એને હેત્વીનો દીવાનો કરી દીધો.

સ્પર્ધાનું પરિણામ જાહેર થયું. હેત્વી નિર્વિવાદપણે પ્રથમ આવી. મિત્રમંડળે ઉત્સાહમાં આવીને પાર્ટીની માંગ કરી. બધાં ક્યાં જમવા જવું એની ચર્ચા કરવા લાગ્યાં. મોહિતે ખિસ્સામાંથી ફોન કાઢ્યો, “હું જરા મમ્મીને કહી દઉં કે મારે આવતાં મોડું થશે.” મિત્રમંડળ હસી પડ્યું. અંજને તો મજાક પણ કરી, “અલ્યા, પહેલાં મમ્મીને એ તો પૂછી લે કે પાર્ટીમાં જઉં કે નહીં!” મોહિતે હળવું સ્મિત કર્યું.

તે દિવસ પછી કોલેજમાં હેત્વીની બોલબાલા વધી ગઈ. બધાં એને માન આપવા માંડ્યાં. એવામાં એક દિવસ વિશાલ ખબર લાવ્યો, “એ સુનો ભાઈલોગ, આપણા શહેરમાં એક ફેમસ ફિલ્મ પ્રોડકશન કંપની એના નવા પ્રોજેકટ માટે આર્ટિસ્ટ્સ શોધવા આવી રહી છે. પરમ દિવસે એનું ઓડિશન છે. બંદા હીરોના રોલ માટે ઓડિશન આપવા જવાના છે.” “ઓ વાઉ! વોટ એન અપોર્ચ્યુનિટી!” ના ઉદગારો મિત્રવૃંદમાંથી નીકળવા માંડ્યા.

તોરલે હેત્વીની તરફ ફરીને કહ્યું, “હેત્વી, તારે તો જવું જ જોઈએ. તારા માટે આ બહુ સારો ચાન્સ કહેવાય.” બધાં એની હામાં હા મિલાવવા માંડ્યાં. હેત્વી પણ ઉત્સાહિત થઈ ગઈ. આખા મિત્રવૃંદે સાથે જવાનું નક્કી કર્યું- કેટલાકે ઓડિશન આપવા અને કેટલાકે હૌસલા-અફઝાહી કરવા!

ઓડિશનના દિવસે લાંબી કતાર હતી પણ બધાં “ફૂલ ફોર્મ”માં હતાં. એક પછી એક મિત્રનો વારો આવતો ગયો. હેત્વીને પણ એક ડાયલોગ આપવામાં આવ્યો હતો. હેત્વી એટલી સરસ રીતે એ બોલી કે ખૂબ તાળીઓ પડી. સાંજે એનું રિઝલ્ટ જાહેર થવાનું હતું. બધાં રાહ જોતાં બેઠાં.

અંતે સિલેક્ટર્સે નિર્ણય જાહેર કર્યો. “અમારી ફિલ્મની હિરોઈન તરીકે અમે મિસ.....” હેત્વીના કાન ઊંચા થઈ ગયા. “.......હિમાક્ષી જરીવાલાને પસંદ કરી છે.” મિત્રોએ ચિચિયારી પાડતાં હિમાક્ષીને ઊંચકી લીધી. હિમાક્ષીની ખુશીનો પણ પાર નહોતો. કોઈનું ધ્યાન હેત્વીનાં આંસુઓ તરફ નહોતું.

હેત્વી બહાર આવીને ફસડાઈ પડી. બે હાથમાં મોઢું છુપાવીને ધ્રુસકે-ધ્રુસકે રડી પડેલી હેત્વીના ખભે સ્નેહાળ સ્પર્શ થયો. મોહિતના ખભે માથું ઢાળીને હેત્વી રડી પડી, “મોહિત, હું જાણું છું કે કેમ મારું સિલેકશન ન થયું. મારી ડાયલોગ ડિલિવરી અને અભિનય તો સૌથી સરસ હતાં પણ આ ચમકદમકની દુનિયાને મારો ભીનો વાન ન જચ્યો. હિમાક્ષી ગોરી છે એટલે....”

એને આગળ બોલતાં અટકાવી મોહિત પ્રેમાળ હસ્યો, “હેત્વી, તારા સંઘર્ષની તો હજી શરૂઆત છે. મારી મમ્મીએ ઘણો સંઘર્ષ વેઠયો છે એ હું જાણું છું. પપ્પાના અકાળ અવસાન પછી સાધારણ નોકરી કરીને એણે મને એકલે હાથે ઉછેર્યો છે. એટલે જ જ્યારે આપણાં મિત્રોમાં પૈસા ખર્ચવાની વાત થાય ત્યારે મારે એને પૂછવું જરૂરી હોય છે અને એનો દરેક વાતે ખ્યાલ રાખવો એ મારી ફરજ બને છે. રહી વાત તારા શ્યામ વર્ણની તો મારી મમ્મી કહે છે કે ક્યારે ય બાહ્ય દેખાવ પર ન જવું. આંતરિક સુંદરતાને બહારની ટાપટીપ સાથે લેવા-દેવા હોતા નથી. તું જ્યારે પણ છોકરી શોધે તો એના સ્કીન-કલર સામે ન જોતો.” શરમાઈ રહેલી હેત્વી ધીમેકથી બોલી, “મમ્મીને મળવા ક્યારે જઈશું, મોહિત?”

# મારે હોશિયાર કે બુદ્ધિશાળી નહીં જ્ઞાની માણસોનું કામ છે!



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

કેટલાક માણસો હોશિયાર હોય, કેટલાક ખૂબ બુધ્ધિશાળી હોય અને અમુક જ્ઞાની હોય. તમને આ બધા વચ્ચેનો ભેદ સમજાય છે? દેખીતી રીતે બુધ્ધિશાળી અને જ્ઞાની વચ્ચે ફરક કરવો મુશ્કેલ છે પણ જ્યાં બુધ્ધિશાળી માનવ ખાલી તર્ક કર્યા કરશે ત્યાં જ જ્ઞાની માણસ તર્ક સાથે ભાવના જોડી નિર્ણય લઈ શકે છે. ખેર, આજે હું જ્ઞાની કે બુધ્ધિશાળી નહિ પણ કેટલાક ખાસ પ્રકારના હોશિયાર માણસોની ચર્ચા કરીશ.

એક શિયાળાની કાતિલ ઠંડી ભરી સવારે કોમલ નામે લેડી એમનું દ્વિચક્રી વાહન સ્ટાર્ટ કરવા એની કળ દાબી દાબીને થાકી ગઈ તોય એ ચાલું ના થયું તે ના જ થયું. કંટાળીને એ લેડીએ એને કિક મારીને ચાલું કરવા પ્રયત્ન કર્યો. પાંચમી કીકે બેનને આંટા આવી ગયા પણ વાહન ચાલું ના થયું.

હવે આ બેન મથી રહ્યા હતા ત્યાં જ સવારે મોર્નિંગ વોક માટે નીકળેલા બે ભાઈઓની નજર કોમલ પર પડી. એ તરત એમની પાસે આવી ગયા અને પૂછ્યું કે કંઈ તકલીફ છે? કોમલે કહ્યું કે એક્ટિવા સ્ટાર્ટ નથી થઈ રહ્યું. એ બે ભાઈઓમાંથી એક પાંસઠ વરસના કાકા હતા અને બીજો પચીસ વરસનો યુવાન. યુવાનને એમ કે એ પોતે હાલ જ વાહન ચાલું કરી લેડીને ઈમ્પ્રેસ કરી નાંખશે. હજી પેલા કાકા કાંઈક કહેવા જ જતા હતા કે યુવાને કહ્યું, હું હાલ જ ચાલું કરી આપુ. આ તો મારા ડાબા હાથનો ખેલ છે.

એ યુવાને વાહનને પહેલાં એની કળ દાબી સ્ટાર્ટ કરવાનો પ્રયાસ કર્યો. ચાલું ના થયું. એણે લેડી સામે જોઈ સહેજ સ્મિત કરી કહ્યું, આવી રીતે આ ચાલું ના થાય. સૌથી પહેલા તમારે એની બ્રેક દબાવી રાખવી પડે પછી બટન પ્રેસ કરાય, તરત ચાલું થઈ જાય. આ જુઓ હેન્ડલની નીચે દેખાય છે એને બ્રેક કહેવાય. એણે એક હાથે બ્રેક દાબી પેલી લેડી સામે જોઈ ચહેરા પર જંગ જીતીને આવેલા યોદ્ધા જેવા સ્મિત સાથે ચાંપ દાબી. હજી વાહને ઘરઘરાટી ના બોલાવી. એણે બે ચાર વખત ચાંપ દાબી જોઈ પણ પરિણામ ના મળ્યું.

“વાહનમાં થોડીક ગરબડ લાગે છે પણ નો પ્રોબ્લેમ હજી એક રસ્તો છે. જ્યારે વાહન ઈલેક્ટ્રિક ચાંપ દાબે સ્ટાર્ટ ના થાય ત્યારે એને મેન્યુઅલી સ્ટાર્ટ કરવું જોઈએ. એને માટે આ બાજુ નીચે, પગ મૂકવાનું સ્ટેન્ડ છે ને એની જસ્ટ નીચેથી ઘોડો શોધી એને આરામથી કિક મારો." એ યુવાને એક કિક મારી. સ્ટાર્ટ ના થયું, બીજી, ત્રીજી, ચોથી...એના કપાળેથી પરસેવાના રેલા ઉતરવા લાગ્યા તોય એ કાળમુખા વાહનને દયા ના આવી તે ના જ આવી.

એને કિક મારતો જોઈ એની સાથેના કાકા અને કોમલ બંને હસી રહ્યાં હતાં એ જોઈ યુવાનનો પિત્તો ગયો. એણે ગુસ્સાથી વાહનને એક લાત મારી અને કોમલ તરફ જોઈ કહ્યું, શરમ નથી આવતી તમને? એક તો બાબા આદમના જમાનાનું વાહન લઈને નીકળી પડ્યા છો અને સવાર સવારમાં પાછા કોઈનો ટાઈમ બગાડો છો? તમે કોઈ પ્રેંક કરી મારો વિડિયો તો નથી બનાવી રહ્યા ને? યાદ રાખજો એવું કાંઈક નીકળ્યું ને તો હું છોડીશ નહીં તમને. છેક હાઈ કોર્ટ કે સુપ્રીમ કોર્ટ સુધી ઢસડી જઈશ.

પેલા બેન બિચારા હક્કા બક્કા રહી ગયા અને યુવકનું આવું રૂપ જોઈ એમને ઘડી ભર તો, હવે શું કરવું, એ પણ સમજાયું નહીં. બધી પરિસ્થિતિ જોઈ હવે પેલા કાકા વચ્ચે પડ્યા. એમણે તરત પેલા યુવાનને કહ્યું, “ચલ એય હવે વધારે વાયડો ના થા ભાઈ. એ બહેને તને મદદ માટે નહોતો બોલાવ્યો તું તારી જાતે જ આવેલો એ ના ભૂલ."

કાકા વાહન પાસે ગયા અને પછી ઘડી યુવાન તરફ તો ઘડી કોમલ સામે જોઈ કહ્યું, “મને એક્ટિવા ચલાવવાનો અનુભવ નથી પણ મેં વરસો સ્કૂટર ફેરવ્યું છે અને એ જ્યારે સ્ટાર્ટ થવામાં ડખો કરતું ત્યારે હું એને આમ જ એક તરફ સહેજ નમાવી પ્રેમથી કિક મારતો અને એ ચાલુ થઈ જતું." કાકાએ એક્ટિવા પોતાની તરફ થોડું નમાવી રાખતા કહ્યું.

“એમ એ સ્કુટરની થિયરી કંઈ એક્ટિવા પર પણ લાગુ ના પડે કાકા તમેય તે શું કામ વચમાં કૂદી પડ્યા? આ મેડમનું એક્ટિવા જ સાવ ભંગાર છે એ કદી ચાલું નહીં થાય. વેચી કાઢો મેડમ એને કોઈને ભંગારમાં આપી દો અને થોડું ચાલવાનું રાખો તો તમારું વજનેય ઉતરશે."

કોમલ કતરાઈને પેલા યુવાન સામે જોઈ રહી હતી એ જોઈ પેલો હસ્યો અને એ જ સમયે એક્ટિવા સ્ટાર્ટ થઈ ગયું...અને કોમલે પેલાને એક લાફો ચોડી દીધો.

“એલી...પણ તે મને લાફો કેમ માર્યો? હું તો તારી મદદ કરી રહ્યો હતો." યુવાને એનો ગાલ પંપાળતા ખીજથી કહ્યું ત્યારે કોમલે કહ્યું કે, “જે વાતમાં ગતાગમ ના પડતી હોય એમાં ખાલી હોશિયારી મારવા કૂદી ના પડીએ. ભંગાર મારું એક્ટિવા નહીં પણ તમારા જેવા પુરુષોની સોચ છે જેમને હજી એમ છે કે સ્ત્રીઓને વાહન બાબતે કંઈ ગતાગમ નથી પડતી."

ખેર, આતો એક કાલ્પનિક વાત હતી પણ તમે જરાક ધ્યાન આપો તો તમને જણાઈ આવશે કે તમારી આસપાસ કેટલાય એવા લોકો છે જે ખરેખર ઉપર બતાવેલ યુવાન જેવા છે. એ લોકો પહેલાં તો વગર કહે તમારી મદદ કરવા દોડ્યા આવશે. તમારી આગળ એ પોતે કેટલા એક્સપર્ટ છે એ બતાવવા તમે શું અને કેટલું જાણો છો એની પરવા કર્યા વગર તમને એમનું જ્ઞાન આપે જશે એને આટલું કર્યા છતાં જો એ તમને મદદરૂપ ના થઈ શક્યા તો છેલ્લે તમને જ બલિનો બકરો બનાવી દાંતિયા કાઢશે. જે કામ એમનાથી ના થઈ શક્યું એ એટલે ના થયું કેમ કે એ થાય એવું જ નહોતું! મજાની વાત એ કે આવા સતત પોતાનું જ્ઞાન પ્રદર્શિત કરવા તૈયાર રહેતા લોકો સાથે કેટલાક એવા પણ હશે જે ખરેખર અનુભવ લઈને બેઠા હોય, એ તમને સલાહ આપે કે મદદ કરે તોય એમના વર્તનમાં જરાક અમથું અભિમાન કે તોછડાઈ ના હોય. આવા માણસો દરેક વખતે વૃધ્ધ જ હોય એ જરૂરી નથી. એ કોઈ નાનું છોકરું પણ હોય શકે છે. મૂળ મુદ્દો જે તે વિષયનું બારીક જ્ઞાન વહેંચવાનો નથી પણ તમે તમારું જ્ઞાન બીજા આગળ કેવી રીતે પ્રદર્શિત કરો છો તે છે.

એક જૂની કહેવત છે કે અધૂરો ઘડો છલકાય વધુ. તમારી આસપાસ રહેલા કેટલાય માણસો આ અધૂરા ઘડા જેવા હશે જે વાતે વાતે તમને સલાહ સૂચન આપી ક્યાંક એમનું જ્ઞાન બતાવશે તો ક્યાંક જે એ નથી જાણતા એ છુપાવવા તમારી ભૂલો શોધ્યા કરશે. આવા લોકોને પારખવું થોડું મુશ્કેલ છે. એક બે વખત એમના કડવા અનુભવ થાય ત્યારે દુઃખ તો થાય પણ આટલેથી જ જો તમે ચેતી જાઓ તો આગળ નવા કડવા અનુભવ લેવાથી ચોક્કસ બચી શકાય.

**અમસ્તું,**

જ્યારે પણ એવું લાગે કે આ જગમાં એક તમારા સિવાય બાકીના સૌ હોશિયાર છે ત્યારે નક્કી તમે સોશ્યલ મીડિયા પર એક્ટિવ છો!

@Niyati Kapadia